અપીલ અરજી નં.૪૪૬ તા.૨૦–૩–૧૦

અરજદારઃ– શ્રી કમરઅબ્બાસ એ.ઘીવાલા
સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિ તી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કમરઅબ્બાસ એ.ઘીવાલાની તા.૩–૨–૧૦ ની અરજીથી તુર્કીવાડ મુગલીસરાઈ સુરત ખાતે આવેલ ઈમામવાડાની બાજુમાં નોંધ નં.૧૨/૧૩૫૨ વાળી ખુલ્લી જગ્યામાં જયાં કાચું ઝંપડું જેનો ટેના.નં.૧૨એ–૧૫–૦૯૩૧ –૦–૦૦૧–૧૧ જેના કબ્જેદાર સરદારખાં,કાસમખાં હર્તા તેને દુર કરી તેની જગ્યા પર પાકું બાંધકામ કરેલ છે જેની મુદૃ નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૪૬/૨૦૦૯–૧૦

શ્રી કમરઅબ્બાસ એ.ઘીવાલાની તા.૩–૨–૧૦ ની અરજીથી તુર્કીવાડ મુગલીસરાઈ સુરત ખાતે આવેલ ઈમામવાડાની બાજુમાં નોંધ નં.૧૨/૧૩૫૨ વાળી ખુલ્લી જગ્યામાં જયાં કાચું ઝંપડું જેનો ટેના.નં.૧૨એ–૧૫– ૦૯૩૧ –૦–૦૦૧–૧૧ જેના કબ્જેદાર સરદારખાં,કાસમખાં હર્તા તેને દુર કરી તેની જગ્યા પર પાકું બાંધકામ કરેલ છે જેની મુદૃ નં .૧ થી ૬ ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.એ.આર.ડી./૧૩૬ તા.૩–૨–૧૦ થી આપેલ માહિતી ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્રનં.આરટીઆઈ સેલ/૧૫૦૬ તા.૩૦–૩–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિ તી અધિકારી (સ ેન્ટ્રલઝોન)તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત રજુ કરવા તથા મુળ અરજીથી માંગેલ માહિતી પૈકી કઈ મળેલ નથી તેની સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી અરજદારે અપીલ તબકકે રજૂ કરેલ પેપર્સ સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૦ તા.૮–૪–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની તા.૭–૪–૧૦ નો પત્રની નકલ તથા તા.૩–૨–૧૦ ની સહી વિનાની અરજીની નકલ, અરજદારે તા.૨૫–૪–૦૮ ના રોજ આકારણી અધિકારીએ કરેલ સહી વિનાની અરજીની નકલ, જે અંગે આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીની નકલ, તા.૮–૧૨–૦૬ ના નામ કમી કરવા અંગે આપેલ નોટીસના નમુનાની નકલ, અરજદારને તા.૧૮–૨–૦૯ ના પત્ર બાબતે જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૫૧૧ તા.૫–૩–૦૯ ના પત્રની નકલ, અરજદારની તા.૩–૨–૧૦ ની અરજી બાબતે આપેલ માહિતી પત્ર નં.સ ે.ઝોન/એઆરડી/૧૩૬ તા.૩–૩–૧૦ ના પત્રની નકલ તથા ૧૨/એ ૧૫–૦–૯૩૧–૦–૦૧નું અસલ પત્રક ની નકલ, તથા ૦૧૧ ની સને ૨૦૦૯–૧૦ ના પાર્ટી સ્ટેટસની નકલ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૨–૩–૧૦ ની અરજીથી તુર્કીવાડ મુગલીસરાઈ સુરત ખાતે આવેલ ઈમામવાડાની બાજુમાં નોંધ નં.૧૨/૧૩૫૨ વાળી ખુલ્લી જગ્યામાં જયાં કાચું ઝંપડું જેનો ટેના.નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧–૧૧ જેના કબ્જેદાર સરદારખાં,કાસમખાં હર્તા તેને દુર કરી તેની જગ્યા પર પાકું બાંધકામ કરેલ છે તેની નીચે મુજબની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગવામાં આવેલ છે. મુદ્દા નં.૧ ઉપરોકત થયેલ પાકા બાંધકામનો ટેનામેન્ટ નંબર ૨. પાકું બાંધકામ થયેલ છે તેનો ટેનામેન્ટ નંબર ન આપેલ હોય તો શા કારણથી નથી આપેલો ? મુદ્દા નં.૩. ટેના નંબર ઈસ્યુ કરતાં પહેલા કયા કયા ટાઈટલ કલીયર હોય તો ટેનામેન્ટ નંબર આપવામાં આવે છે? મુદ્દા નં.૪ બીયુસી સર્ટીફીકેટ ( થયેલ બાંધકામાં વસવાટ ચાલુ કરેલ છે. મુદ્દા નં.૫ નવું પાકું બાંધકામ જે થયેલ છે અને તેના કબ્જેદાર કોણ છે ? મુદ્દા નં.૬ થયેલ બાંધકામમાં કેટલા રૂમો છે રૂમોની લંબાઈ પહોળાઈ તથા ઉંચાઈ કેટલી છે તેની માપણી કરી માહિતી આપો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.એઆરડી/૧૩૬ તા.૩–૩–૧૦ થી " ૩–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ વિષય પરત્વે નોંધ નં.૧૨/૧૩૫૨ વાળી મિલ્કત કે જે મ્યું દફતરે ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ થી નોંધાયેલ છે. જે બાબતે સદર ટેનામેન્ટ પર દાખલ ભાડુત સરદારખા કાસમખાનું નામ કમી થતા તેની જગ્યા ટ્રસ્ટના કબ્જા ભોગવટામાં આવતા ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં ઉમેરવામાં આવેલ છે. સદર કાચા બાંધકામને રીપેર કરી ગર્ડર ચેનલવાળુ ભોંયતળિયાનું બાંધકામ કરવામાં આવેલ છે. સ્થળ તપાસ દરમ્યાન રીપેર થયેલ રૂમોમાં હાલ કબ્જેદાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો વસવાટ જણાયેલ છે. ટેના મેન્ટ નંબર બાબતે જણાવવાનું કે આ નંબર મિલ્કતવેરાના કામે આકારણી દફતરે આપવામાં આવે છે. જેને મિલ્કત ટાઈટલ કલીયરન્સ સાથે કોઈ સબંધ નથી. મિલ્કતના માપો દર્શાવતું પત્રક તેમજ કમી થયેલ ટેનામેન્ટ નંબરનો પાર્ટી સ્ટેટસ પાના નં.૧ થી ૨ પુરા પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૪ માં જણાવ્યા મુજબ ઉપરોકત મિલ્કતનું બીયુસી મેળવવામાં આવેલ નથી. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદાર નારાજ થઈ તા.૨૦–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરી ઝુંપડુ ૨૦૦૬ માં ડીલીટ કરેલ છે તે ૨૦૦૮ કે ૨૦૧૦ તે રીપેરીંગ થઈ શકે? ૧૨×૧૨ ના કાચા માટીના ઝુંપડાના સ્થાને આજુબાજુની ખુલ્લી જગ્યા કવર કરી ત્રણ રૂમ પ્લાન કે રજા ચિઠ્ઠી વગર બનાવી શકાય? બીયુસી વગર તે રૂમોનો વપરાશ કરી શકાય? વોટર કનેકશન કે ડ્રેનેજની સુવિધા કેવી રીતે મેળવી ? તેવા મુળ અરજીથી અલાયદા પ્રશ્નો અપીલ તબકકે ઉપસ્થિત કરી અપીલ અરજી કરેલ છે.

અરજદારનો મુળ અરજીની પરિપ્રેક્ષ્યમાં સંદર્ભે સદર પાકા થયેલા બાંધકામનો ટેના મેન્ટ નંબરની માંગણી કરેલ જે ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ ની માહિતી અરજદારને આપવામાં આવેલ છે. વધુમાં સદર ટેનામેન્ટમાં અરજદારના ઝુંપડાનો ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૧૧ ને આમેજ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જે અંગે આધાર તરીકે પાર્ટી સ્ટેટસ તેમજ તેના માપનો સમાવેશ કરતું અસલ પત્રકની પ્રથમ એન્ટ્રીમાં દર્શાવેલ છે મુદ્દા નં.૨ માં પાકું બાંધકામ થયેલ છે તેનો ટેના નંબર ન આપેલ હોય તો શા કારણથી નથી આપેલ ? તેવા પ્રશ્ન બાબતે મુદ્દા નં.૧ માં જણાવેલ પાકું બાંધકામ થયેલ છે તેનો ટેનામેન્ટ નંબર આપવામાં આવેલ છે તેની વિગતે માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.૩ માં ટેનામેન્ટ નંબર ઈસ્યુ કરતાં પહેલા કયા કયા ટાઈટલ કલીયર હોય તો ટેના મેન્ટ નંબર આપવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે આ નંબર મિલ્કતવેરાના કામે આકારણી દફતરે આપવામાં આવે છે જેને મિલ્કત ટાઈટલ કલીયરન્સ સાથે કોઈ સબંધ નથી. મુદ્દા નં. ૪. બીયુસી સર્ટીફીકેટ (થયેલ બાંધકામમાં વસવાટ ચાલુ કરેલ છે) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ મિલ્કતનું બીયુસી મેળવવામાં આવેલ નથી. મુદ્દા નં.૫. નવું બાંધકામ જે થયેલ છે અને તેના કબ્જેદાર કોણ છે. તેવા પ્રશ્ન બાબતે ટેનામેન્ટ નંબર ઉપર દાખલ ભાડુત સરદારખા કાસમખાનું નામ કમી થતા તે જગ્યા ટ્રસ્ટના કબ્જા ભોગવટામાં આવતા ટેનામેન્ટ નંબર ૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૧ વાળી મિલ્કતમાં ઉમેરવામાં આવે છે. એટલે કે ટ્રસ્ટના કબ્જામાં છે. જે એન્ટ્રી નંબરમાં દર્શાવેલ છે. મુદ્દા નં.૬ થયેલા પાકા બાંધકામોમાં કેટલા રૂમો છે? રૂમોની લંબાઈ પહોળાઈ તથા ઉંચાઈ તેને માપણી કરી માહિતી આપશો . તેવા પ્રશ્ન બાબતે અરજદારને અસલ પત્રક પુરું પાડવામાં આવેલ છે તેમાં ૩ રૂમો અને તેમના લંબાઈ પહોળાઈ અને એરીયાના માપોની માહિતી આપવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડેલ જણાય છે. અરજદારે માપણી કરીને માહિતીની જે માંગણી કરેલ છે તે આરટીઆઈ એકટની કલમ –૨(એફ) તથા ૨(જે) સાથે સુસંગત નથી. અરજદારે ઝુંપડાના સ્થાને આજુબાજુની ખુલ્લી જગ્યા કવર કરી ૩ રૂમ પ્લાન કે રજાચિઠ્ઠી વગર બનાવી શકાય બીયુસી વગર તે રૂમનો વપરાશ કરી શકાય? વોટર કનેકશન કે ડ્રેનેજ સુવિધા કેવી રીતે મેળવી તેવા પૂરક પ્રશ્નો મુળ અરજીથી અપીલ તબકકે અલાયદા ઉપસ્થિત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૩–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. ઉકત જણાવ્યા અનુસાર અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન માહિતી અંગે અરજદાર ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન,...જાણ તથા અમલ માટે
(૨) શ્રી કમરઅબ્બાસ એ.ધીવાલા,